Received on : 11/01/2016
Registered on : 11/01/2016
Decieded on : 01/07/2022
Duration

सत्यमेव जयते

## અમદાવાદ નાં મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નાં ૫ માં,

**ક્રિ. કેસ નં: 500128/2016**
**આંક:–૧૩**

| | |
|---|---|
| **ફરીયાદી** | શ્રી સરકાર |
| વિરૂઘ્ધ | |
| **આરોપી** | સતીષ ગોપાલસિંગ સીકરવા (ઠાકુર), ઉ.વ.–પુખ્ત<br>રહે. ગોકુલ કસ્તુર ચંદની નવી ચાલી, મ.નં ૧૫, અસારવા રેલ્વે સ્ટેશન સામે, મેઘાણીનગર, અમદાવાદ. |

શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી એચ.એસ.પંચાલ
આરોપી તરફેના વિ.વ.શ્રી જે.સી.મોદી

**ગુન્હો :** ઈ.પી.કોડ કલમ– ૨૭૯,૩૩૭, ૪૨૭, તથા એમ.વી.એકટ ૧૭૭,૧૮૪,૧૩૪(બી) મુજબ..

### // ચુકાદો //

**ફરીયાદ નાં અંશોઃ**

૧. આ કામે ફરીયાદ પક્ષના કેસની ટુકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તારીખ ૨૮/૬/૧૫ ના કલાક ૧૫:૦૦ વાગે ઈન્ડો જર્મન કંપની સામે જાહેર રોડ ઉપર પોતાના કબજાની ટાટા ૪૦૭ ને પુર ઝડપે બેદરકારી રીતે હંકારી ફરિયાદીશ્રીના છકડાને પાછળથી ટકકર મારી છકડાને નુકશાન પહોચાડી ફરિયાદીશ્રીને ઈજા કરી ભાગી જઈ પાછળથી પકડાઈ આવી ઈ.પી.કોડ કલમ ૨૭૯,૩૩૭, ૪૨૭, તથા એમ.વી.એકટ ૧૭૭,૧૮૪,૧૩૪(બી) મુજબ ગુનો કર્યા અંગેની ફરીયાદ પ્રથમ ગુ ર નં. ૫૧ /૨૦૧૫ લગત પોલીસ સ્ટેશનમાં આપતા તપાસના અંતે પોલીસે આરોપી સામે ચાર્જશીટ દાખલ કરેલ હતુ.

૨. ત્યાર બાદ પ્રોસેસની આરોપીને બજવણી થતા તેઓ તેમના એડવોકેટ મારફતે હાજર થયેલ હતા અને તેમને પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલ હતી અને આરોપીનુ પ્લી નીવેદન લેવામાં આવતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા ફરીયાદ પક્ષનો પુરાવો શરુ થયેલ હતો.

૩. <u>ફરીયાદ પક્ષે નીચે મુજબના સાહેદો તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.</u>

| આંક | વિગત |
|---|---|
| 02 | પ્લી |
| 03 | મોહનસિંગ લાલસીગ રાણાવતની જુબાની |
| 06 | ફરિયાદી હર્ષદભાઈ ગોવિંદભાઈ ચુનારાની જુબાની |
| 07 | ફરિયાદ |
| 09 | સુનિલભાઈ ગોવિંદભાઈ ચુનારાની જુબાની |
| 10 | ગોવિંદભાઈ મફતભાઈ ચુનારાની જુબાની. |

૪. ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૩ અન્વયે આરોપીનુ નીવેદન લેવામાં આવેલ હતુ. જેમા આરોપીએ મહદાંશે ગુનાનો ઈન્કાર કરેલ છે. ત્યારબાદ આરોપી પક્ષ તથા ફરીયાદ પક્ષની દલીલો સાંભળવામાં આવેલી. જેમાં એપીપી શ્રી એ કેસ સાબીત થયેલ ગણાવીને સમાજમાં દાખલો બેસે તેવી સજા કરવા જણાવેલ. સામા પક્ષે આરોપી તરફે કેસ નિઃશંક પણે આક્ષેપીત કલમો નાં તત્વો મુજબ સાબીત થતો નહી ગણાવી શંકાનો લાભ આપી છોડી મુકવા જણાવેલ છે.

૫. કેસનો ગુણદોષ ઉપર નીર્ણય કરવા માટે નીચે મુજબના મુદ્દાઓ ઠરાવુ છુ.

:: મુદ્દા ::

૧) શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તારીખ ૨૮/૬/૧૫ ના કલાક ૧૫:૦૦ વાગે ઈન્ડો જર્મન કંપની સામે જાહેર રોડ ઉપર પોતાના કબજાની ટાટા ૪૦૭ ને પુર ઝડપે બેદરકારી રીતે હંકારી ફરિયાદીશ્રીના છકડાને પાછળથી ટકકર મારી છકડાને નુકશાન પહોચાડી ફરિયાદીશ્રીને ઈજા કરી ભાગી જઈ પાછળથી પકડાઈ આવી ઈ.પી.કોડ કલમ ૨૭૯,૩૩૭, ૪૨૭, તથા એમ.વી.એકટ ૧૭૭,૧૮૪,૧૩૪(બી) મુજબ શિક્ષા પાત્ર ગુનો કરેલ છે?

૨). શું હુકમ ?

૬. ઉપરોકત મુદ્દાઓનો અદાલત નીચે મુજબ નિર્ણય આપે છે.

**::<u>નિર્ણયો :</u>**

મુદ્દા નંબર– ૧:– નકારમાં

૨:– આખરી હુકમ મુજબ

૭. **<u>:: નિર્ણયો અંગેના કારણો ::</u>**

ઉપરોકત મુદ્દાના નીર્ણય માટે જે દસ્તાવેજી અને મૌખીક પુરાવો થયેલ છે તે જોતા તેનો નિર્ણય એક સાથે કરવો સુમેળ હોઈ તેની ચર્ચા એક સાથે કરવામાં આવે છે.

આ કામે કેસનો નિર્ણય કરવા માટે રેકર્ડ ઉપર પડેલ મૌખીક પુરાવાની ચર્ચા કરવી જરુરી હોઈ તે નીચે મુજબ કરવામાં આવે છે.

આંક–૩ થી મોહનસિંગ લાલસિંગ રાણાવતને તપાસેલા છે જેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓની દુકાન વટવા જી.આઈ.ડી.સી ફ્રેમ ૪ માં આવેલી છે અને આજથી એકાદ વર્ષ અગાઉ તારીખ તેઓને યાદ નથી અને પોલીસે તેઓની પુછપરછ કરેલી પોલીસે અકસ્માતના બનાવ સબંધે તેઓની પણ પુછપરછ કરેલી પરંતુ આ બનાવ કયા બનેલો તેમને જાણ નથી. અને રોડ પર ઘણા બધા બનાવો બનતા હોય છે અને સ્થળ ઉપર છકડાનો નંબર જોયેલ નથી અને અકસ્માત કેવી રીતે થયેલ તે જણાવી શકતા નથી અને આરોપીને ઓળખતા નથી.

આંક ૬ થી ફરિયાદી હર્ષદભાઈ ગોવિંદભાઈ ચુનારાને તપાસેલા છે જેઓ કોર્ટ સમક્ષ જણાવે છે કે, ગામડી રોડ બિરજુ ફાર્મની સામે ફેકરટીમાં તેઓ કામ કરતા હતા અને તેઓને સંતાનમાં એક દિકરી છે, તેમની પાસે તેમના પિતાજીનો નાનો છકડો છે અને તેમા જે તે સ્થળે માલ ફેરવ છે અને તેઓના છકડાનો નંબર જી જે ૦૧ ડી.એકસ ૫૦૭૦ છે અને તારીખ ૨૮/૬/૧૫ ના રોજ આશરે ૧૧ વાગ્યે ગામડીથી રામોલ અમરજ્ઞાન ફેકટરીના રોલ લેવા માટે ગયેલા ત્યારે થોડે આગળ રોડ ક્રોસ કરતા હતા ત્યારે તેઓની સામે એક મારુતી કાર આવતી હતી ત્યારે તેઓ તેમની સાઈડથી બહાર નીકળી ગયા હતા ત્યારે સામા વાળા જે ટાટા ૪૦૭ ગાડી ચલાવતા હતા તેઓએ આ મારુતી કારને ઓવરટેક કરી અને ગાડીને ઠોકી દીધેલ જેથી તેઓની ગાડી ચકેડી ખાઈ ગયેલી અને તેઓના છકડાની બોડી ટુટી ગયેલી અને અન્ય નુકશાન થયેલું અને તેઓને ૧૦૮ માં દવાખાને લઈ ગયેલા અને શારીરીક ઈજાઓ થતા તેઓએ આ બાબતે ફરિયાદ કરેલી જે આંક ૭ થી રજુ કરેલ છે.

આરોપી તરફે લેવાયેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, તેઓ ફેકટરીમાં છકડો ફેરવે છે, અને જે સ્થળે અવરજવર કરે છે ત્યા ઘણા બધા લોકોની અવરજવર થાય છે ત્યા ટાટા ૪૦૭ ની ગાડીઓ પણ ફરતી હોય છે એ વાત ખરી નથી કે, ઓવરટેક કરવા જઈએ તો છકડો સ્લીપ ખાઈ જાય અને જે દિવસે બનાવ બન્યો ત્યાર પછી એકેય દિવસ દવાખાને રહેલ નથી અને સામાન્ય ઈજાઓ થતા માથામાં, હાથમાં વાગેલુ જેથી પાટાપીંડી કરાવીને ઘરે આવેલો અને અકસ્માત થતા બેભાન થઈ ગયેલા અને એ વાત ખરી છે કે કઈ ટાટા ૪૦૭ થી અકસ્માત થયેલો તે કહી શકે નહી અને તેના ડ્રાઈવરને ઓળખી શકે નહી અને બનાવના એકાદ મહીના પછી બનાવની ફરિયાદ લખાવેલી.

આંક ૯ થી સાહેદ સુનિલભાઈ ગોવિંદભાઈ ચુનારાને તપાસેલા છે જેઓ કોર્ટ સમક્ષ જણાવે છે કે, આ બનાવ આશરે ત્રણ એક વર્ષ પહેલા બનેલો અને બનાવ જી.આઈ.ડી.સી વટવા વિસ્તાર રામોલ ચાર રસ્તાથી આગળ સવારના દસ એક વાગે બનેલો અને તેઓના ભાઈ હર્ષદભાઈને બનાવ સમયે અકસ્માત થયેલો અને તેમની ફેકટરીના સાહેબે જાણ કરેલી માટે તેઓ બનાવ

સ્થળે ગયેલા અને ત્યા હર્ષદ છકડો ચલાવતા હતા તે ત્યા પડેલી હતી અને ૪૦૭ ગાડીથી અકસ્માત થયેલો જેનો નંબર તેઓએ જોયેલ નહી કે ખબર નથી અને મણીનગરમાં ખાનગી હોસ્પીટલમાં તેઓના ભાઈની સારવાર કરાવેલી અને પોલીસે તેઓનું નિવેદન લીધેલુ અને અકસ્માત કરનાર ડ્રાઈવરની કોઈ જાણકારી નથી.

ઉલટ તપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, તેઓના ભાઈ સાથે જે બનાવ બનેલો ત્યારે તેઓ બનાવ સ્થળે હાજર હતા નહી અને બનાવ નજરે જોયેલ નથી અને પોલીસે ફકત તેમનું નામ સરનામું પુછેલુ, અને ફરિયાદી તેમના ભાઈ થતા હોઈ તેમના સમર્થનમાં ખોટી જુબાની આપે છે.

આંક ૧૦ થી સાહેદ ગોવિંદભાઈ મફતભાઈ ચુનારાને તપાસેલા છે જેઓ કોર્ટ સમક્ષ જણાવે છે કે, આ બનાવ આશરે ત્રણ એક વર્ષ પહેલા બનેલો અને બનાવ જી.આઈ.ડી.સી વટવા વિસ્તાર રામોલ ચાર રસ્તાથી આગળ સવારના દસ એક વાગે બનેલો અને તેમના દિકરા હર્ષદભાઈને બનાવ સમયે અકસ્માત થયેલો અને તેની ફેકટરીના સાહેબે જાણ કરતા તેઓ બનાવ સ્થળે પહોચી જોયેલ કે તેમનો દિકરો હર્ષદ જે છગડો ગાડી ચલાવતો હતો તે ત્યા પડેલી અને ૪૦૭ ગાડીથી અકસ્માત થયેલો જેનો નંબર યાદ નથી કે જોયેલ નહી અને મણીનગરમાં કોઈ ખાનગી હોસ્પીટલમાં તેઓના ભાઈની સારવાર લીધેલી અને પોલીસે તેમનું નિવેદન લીધેલું.

ઉલટ તપાસમાં એ હકીકત જણાવે છે કે, બનાવ બન્યો તે સમયે તેઓ ત્યા હાજર હતા નહી અને બનાવ નજરે જોયેલ નથી.

૮. ઈ.પી.કોડ કલમ ૨૭૯ ના કેસ સાથે ફરીયાદ પક્ષ આવેલ છે ત્યારે ઈ.પી.કોડ કલમ ૨૭૯ ના તત્વો જોવા ખુબજ જરૂરી બને છે.

**<u>ઈ.પી.કોડ કલમ ૨૭૯ :</u>**

***જાહેર રસ્તા ઉપર બેફામપણે અથવા બેદરકારીપુર્વક વાહન ચલાવવું જેના કારણે બહુજન સમુદાયની જીંદગી જોખમમાં મુકાય.***

ઉપરોકત કાયદાકીય જોગવાઈના અનુસંધાને ચર્ચા કરવામાં આવે તો ફરીયાદ પક્ષે આરોપીએ પુરઝડપે અને ગફલત ભરી રીતે વાહન ચલાવેલ તેના કારણે બહુજન સમુદાયની જીદગી જોખમમાં મુકાયેલ તે દર્શાવવુ જોઈતુ હતુ. માત્ર પુરઝડપ શબ્દ બોલવાના કારણે ઈ.પી.કોડ કલમ ૨૭૯ નો કેસ સાબીત થયેલાનુ ગણી શકાય નહી. ૧. આરોપી ગુંના સ્થળે હાજર હતો ૨. આરોપી આક્ષેપીત વાહન પોતે બનાવ સમયે ચલાવતનો હતો. ૩. આરોપીની ગફલત કે જેથી માનવ મહેરામણની જીદગી જોખમાય. ઉપરોકત ત્રણેય પરીબળો એક સાથે સાબીત થવા જરૂરી છે.

આરોપીના કૃત્યના કારણે કોઈ વ્યકિતને ઈજા થયેલી અથવા તો પુરઝડપના કારણે અન્ય વ્યકિતની જીદગી જોખમમાં મુકાયેલી તે દર્શાવવુ જોઈતુ હતુ. આ કામે આરોપી ના કૃત્યના કારણે કોઈ બનાવ બનેલ હોય કે અકસ્માત બનેલ હોય તેવો ફરીયાદ પક્ષનો કેસ નથી તેવા સંજોગોમાં આરોપીને આ ગુનાના કામે સાકળી શકાય નહી. સ્પીડ એ સાપેક્ષ ટર્મ છે જે રસ્તાની પહોળાઈ, પબ્લીક અવર જવરની માત્રા, હાઈવે, શેરી રસ્તા વિગેરે પરીબળો પ્રમાણે જુદીજુદી હોઈ શકે છે.

૯. આ કામે પડેલ પુરાવાની ચર્ચા કરીએ તો જણાય છે. આ કામે સૌ પ્રથમ પુરાવાનુ મુંલ્યાંકન કરી ફરીયાદ જોતાં ફરીયાદ માં આરોપી નુ નામ નથી. ફરીયાદ મા ફકત વાહન નુ નંબર છે. તથા આ કામે આરોપી નાં વાહન નંબર ને આધારે તપાસ થયેલ છે. ફરીયાદી પોતે આરોપી ને ઓળખી બતાવતાં નથી. આ કામે ફરીયાદ જોતાં તેમા આરોપી નુ નામ નથી. આ સંજોગોમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ નો ચુકાદો **KISHAN KANJI PATNI Vs STATE OF GUJARAT 2015 (1) GLR PG 1133** જોવામાં આવેતો જો ફરીયાદ માં આરોપી નુ નામ ન હોય તો તક શ્રી એ આઈડેન્ટીફીકેશન પરેડ યોજવી જોઈએ આ કેસમા તેનુ પાલન થયેલ જણાતુ ન હોઈ તપાસમાં મહત્વ ની ક્ષતી રહેલ જણાય છે.

ફરિયાદ એક માસ લેટ છે. ફરિયાદમાં ડિલે હોય તો તે અંગેનો ખુલાસો કાયદા મુજબ હોવો જોઈએ. પણ આ કામે કોઈ ખુલાસો રજુ કરેલ નથી જેથી આ કામ ડીલેનો ખુલાસો ન હોવાથી ફરિયાદ ફેટલ અસર થાય છે.

આ કામે ફરિયાદની ઓળખ પરેડ થયેલ નથી અને કોર્ટમાં પણ ડોક. આઈડેન્ટીફીકેશનમાં તેઓ ઓળખી બતાવતા નથી. આથી તે અંગેનો લાભ આરોપીને મળવાપાત્ર છે.

આ કામે તક શ્રીને વારંવાર પ્રોસેસ કાઢવા છતા તેને હાજર રખાવવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ નીવડેલ છે જેથી એ સબબ તેઓને હવે કોઈ તપાસી શકાયેલ નથી. આ કામે નામદાર પટણા હાઈકોર્ટનો જજમેન્ટ NAGINA SHARMA VS STATE OF BIHAR **1991** CRLJ **1195** ના જજમેન્ટ મુજબ તક શ્રીને ન તપાસવાથી ફરિયાદપક્ષના કેસને વિપરીત અસર થતી નથી જેથી તે મુજબ આ કેસમાં સ્પીડી ટ્રાયલનો આરોપીને અનુ ૨૧ સંવેધાનીક હકક જોતા તથા આ કામે HUSSAIN VS UOI ના ૨૦૧૭ ના ડાયરેકશન મુજબ મેટર ચલાવેલ છે.

વળી ફરીયાદી સહીત નાં મહત્વનાં સાહેદો આરોપી ને ઓળખી બતાવતાં નથી. તેઓ આરોપી ને નામ થી કે જોયેથી ઓળખી શકે તેમ ન હોવાનુ જણાવેલ છે. ફરીયાદી સાહેદો તેઓ ઝડપ વિશે પણ કાંઈ કહી શકવા અસમર્થતા દર્શાવે છે. આ કામે કોઈ સાહેદો આરોપી ને ઓળખી બતાવતાં નથી. આરોપી જ વાહન બનાવ સમયે ચલાવતો હોય તે બાબતે કોઈ પુરાવો રજું નથી. આ કામે માની લઈએ કે ફરીયાદ માં જણાવેલ વાહન થી જ અકસ્માત થયેલ છે છતાં તે મુજબ તે વાહન માલીકની જુબાની કે પુરાવો લેવામાં આવેલ નથી. અધિકાંશ સાહેદો ફરીયાદ પક્ષને બિલકુલ મદદરૂપ

કર્તા નીવડેલ નથી. બનાવ ની તેઓ ને જાત માહીતી નથી. આ કામે આરોપી જ વાહન ચલાવતાં હતાં તે બાબત ફરીયાદ પક્ષે સાબીત થતી નથી. વળી આ આરોપીની જ ગફલત તે દર્શાવવા લેશ માત્ર પુરાવો નથી. તક શ્રી પોતાની જુબાની માં વાહન ની સ્પીડ અંગે તપાસ કરેલ ન હોવાનુ દર્શાવે છે. વળી, આ સંજોગોમાં આરોપી જ વાહન ચલાવતો હતો અથવા તેની ગફલત થી જ અકસ્માત થયેલ છે તેવી ધારણા કરી શકાય નહી. અને તેવી ધારણા ને આધારે સજા કરી શકાય નહી. જયારે વાહન ની સ્પીડ જ રેકર્ડ પર નથી ત્યારે ગફલત કોની અને કેવી રીતે થયેલ છે તે બાબત નીઃશંક પણે સાબીત નથી. જો માની લઈ એ કે બનાવ સમયે આરોપી જ વાહન ચલાવતાં હતાં તો પણ તેઓ ની ગફલત તો ફરીયાદ પક્ષે પુરાવાર કરવાની રહે છે. જે કોઈ પણ સાહેદની જુંબાની થી સાબીત નથી. આ કામે ત.ક શ્રી ધ્વારા નજરે જોનાર અન્ય સાહેદોનાં નીવેદનો લેવાયેલ નથી. બનાવ વાળી જગ્યા જાહેર જગ્યા હોવાનું જણાઈ આવે છે. જયાં નીયમીત વાહનોની અવર જવર રહેતી હોવાનું જણાઈ આવે છે જયાં સ્વતંત્ર સાહેદ મળી આવવુ સ્વાભાવીક હતુ. તેમ છતાં ત.ક શ્રી ધ્વારા સ્વતંત્ર સાહેદો તપાસેલ ન હોવાનુ જણાવે છે. આ બાબતે આરોપી નાં વાહન ની આરસી બુંક કે ડ્રાઈવીગ લાઈસંસ પણ ફરીયાદ પક્ષે પુરાવા થી સાબીત નથી. વળી નીચે જણાવેલ નામદાર સુપ્રિમ કોર્ટનાં જજમેન્ટ મુજબ સ્પીડ એ **રીલેટીવ** બાબત છે. ફરીયાદ પક્ષે આથી આરોપી વિરૂઘ્ઘ નો કેસ નીઃશંક પણે સાબીત થતુ નથી. તથા સમગ્ર રીતે શંકાનો લાભ આરોપી નાં લાભમાં રહે છે. ઉપરોકત સંજોગોમાં આ સંજોગોમાં પણ ફરીયાદ પક્ષે આરોપી સામે કેસ નીઃશંક પણે પુરવાર થઈ શકે તેમ નથી.

**<u>૧૦.</u>** આ અંગે વિસ્તૃત ચર્ચા કરતા પહેલા અકસ્માત થી ઈજા અંગેનાં કેસ ના અનુસંધાનેની કેટલીક કાયદાઢ કીય જોગાવાઈ તથા ચુકાદાનાં હાર્દને ઘ્યાને લેવા આવશ્યક હોઈ તેને ઘ્યાને લેતા પુરાવાનાં બોજા અંગેની જોગવાઈના અનુંસંધાને નામ સું. કોર્ટ **ના <u>સ્ટેટ ઓફ કર્ણાટક વિ સતીષ</u>** ૨૦૦૦ (૧) ટ્રન્સપોર્ટ એન્ડ એકસડેન્ટ કેસીસ (ટી એ સી) પાના ૪૦૮ તથા ૧૯૯૮ (૮) એસ સી સી પાના નં ૪૯૩ ના કામે ના ચુકાદાના મહત્વનાં પેરાની વિગત જે રમેશ મનોહર **Ramesh s/o Manohar Sangidwar Vs state of Maharastra** reported **in Crimes 2006 (1) pg 486** માં પણ રીફર થયેલ છે તેના હાર્દ મુંજબ.....

*.... Merely because the truck was being drain at a 'high speed' does not be spark of either 'negligence' or rashness by itself. None of the witnesses examined by the prosecution could given any indication even approximately, as to what they meant by 'high speed', 'High speed' is a relative term, it was for the prosecution to bring on record material to establish as to what it meant by 'High Speed' in the facts and circumstances of the case. In a criminal trial, the burden of proving every thing essential to the establishment of charge against an accused always rests on the prosecution and there is a presumption of innocence in the favor of he accused until the contrary is proved, criminality is not to be presumed subject of course to some statutory exception. There is no such statutory exception pleaded in the present case, in the absence of any*

*material on the record no presumption of the rashness or 'negligence' could be drawn by invoking the maxim **'Res ipsa Loquitur'.***

૧૧. માનનીય સુ કો એ જણાવેલ કે સ્પીડ ગતી એ રીલેટીવ સાપેક્ષ વસ્તુ છે. તે એક બીજા વાહન, રોડ, રસ્તાની પહોળાઈ, વિગેરે ને સાપેક્ષ વધુ ઓછી ગણી શકાય છે. માત્ર અકસ્માત સમયે આરોપી વાહન પુરઝડપે અને બેદરકારી પુર્વક કે ગફલત ભરી રીતે હંકારી ગુનો કરેલ હોવાનુ પુરવાર કરવા પુરતી ન હોવાનુ તથા આરોપી એ બેદરકારી અને ગફલતભરી રીતે પોતાના કબજાનુ વાહન હંકારીને અકસ્માત કર્યો હોય તેવી બાબત ના પુરતા અને નિશંક પુરાવાથી પુરવાર કરવાનો બોજો પ્રોસી. પક્ષ ઉપર રહેતો હોવાનુ સ્પશ્ટ બને છે તથા આનો જયાં સુંધી ફરીયાદ પક્ષ નિશંક પુરાવાથી આ બાબત પુરવાર ન કરે ત્યાં સુધી આરોપી નિર્દોષ હોવાનો અવકાશ રહે છે.

**૧૨.** આમ, તપાસનો અર્થ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨ મુજબ પોલીસ અધીકારી એ અથવા મેજીસ્ટ્રેટ ધ્વારા અધીકૃત કરવામાં આવેલ વ્યકિતએ પુરાવો એકત્ર કરવા માટે કરેલ તમામ કાર્યવાહીનો સમાવેશ થાય છે અને ત.ક અમલદારે ગુનાને લગતા પુરાવાઓ એકત્ર કરવાના હોય છે જેમા વિવીધ વ્યકિતઓને તપાસવાની હોય છે અને તેમના નીવેદન લેખીતમાં નોધવાના હોય છે અને તેજ રીતના સ્થળની શોધ અને તપાસના કામે જરુરી હોય તેવી વસ્તુઓ તપાસના કામે મેળવવાની હોય છે અથવા કેસની સુનાવણી વખતે રજુ કરવાની હોય છે.

૧૩. આ જોગવાઈના અનુસંધાને અત્રેના કેસની હકીકતો જોવામાં આવે તો તપાસ કરનાર અમલદારે હાલના આરોપીએ વાહન પુરઝડપે ચલાવેલ અને તેના કારણે ફરિયાદીની જીદગી જોખમમાં મુકાયેલ તે મહત્વની હકીકત અંગે તપાસ કરેલ નથી અથવા તો પુરાવા એકત્ર કરેલા નથી. ત.ક. અમલદારને સ્વતંત્ર સાહેદોનો પુરાવો પણ ઉપલબ્ધ હતો તેમ છતા તેઓએ તે પુરાવો મેળવવાનો પણ પ્રયત્ન કરેલ નથી. ફોજદારી કાર્યવાહીનો સિધ્ધાંત છે ત્યાં સુધી ફરીયાદપક્ષે તેનો કેસ સીધા અને સબળ પુરાવાથી પુરવાર કરવાનો હોય છે. વધુમાં ફોજદારી કાર્યવાહીમાં આરોપીને સમગ્ર કાર્યવાહી દરમ્યાન ખુલાસો કરવાનો હોતો નથી ત્યારે ફરીયાદીએ આરોપી સામેનો કેસ શંકા રહિત પુરાવાથી પુરવાર કરવાનો હોય છે. તે જ રીતેના ફોજદારી કાર્યવાહીમાં માત્ર અનુમાન અને ધારણાના આધારે આરોપીને તકસીરવાર ઠરાવી શકાય નહીં. ઉપરોકત ચર્ચા ના અવકાશ માં આરોપી વિરૂધ્ધ આક્ષેપીત અન્ય એમ વી એકટ ની કલમો પણ નીઃશંક પુરાવાથી પુરવાર થતી નથી. આમ, સમગ્ર પુરાવો ધ્યાને લેતાં ફરીયાદપક્ષ આરોપીને ગુનાના કામે સાંકળતો કોઈ પુરાવો રજુ કરી શકેલા નથી તેવા સંજોગોમાં પણ આરોપીને તકસીરવાર ઠરાવી શકાય નહી તેવું અત્રેની અદાલતનું નમ્ર પણે માનવું છે.

૧૪. આમ, તમામ પુરાવાઓનુ વિશ્લેષણ કર્યા બાદ ફરીયાદ પક્ષ આરોપી સામેનો કેસ પુરવાર કરવામાં નીષ્ફળ ગયેલ હોઈ મુદ્દા નં.૧ નો નકારમાં જવાબ આપવામાં આવે છે. અને છેવટનો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

*METROPOLITAN MAGISTRATE*

//હુકમ//

– આરોપીને ક્રીમીનલ પ્રો.કોડની કલમ ૨૫૫(૧) મુજબ ઈ.પી.કોડ કલમ ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટ ૧૭૭, ૧૮૪,૧૩૪(બી) ના ગુનામાં શંકાનોં લાભ આપીને નિર્દોષ ઠરાવીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

– આરોપીના જામીન ક્રી.પ્રો.કોડની કલમ ૪૩૭(એ)ના હેતુ માટે અગાઉ આપેલ જામીન અપીલ સમય માટે ચાલુ રાખવા હુકમ કરવામાં આવે છે. મુદ્દામાલ(જો કબજે લેવાયેલ હોય તો) અંગે વચગાળા નો હુકમ અપીલ સમય બાદ અપીલ નાં હુકમ થાય તો તેને સાપેક્ષ કાયમી કરવાંમા આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**અમદાવાદ**

**તા:–૦૧/૦૭/૨૦૨૨**
**PA: RUTVIK SHAH**

**(ડબલ્યુ આર મલીક )**
**GJ01144**
**મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં૫ અમદાવાદ**

*METROPOLITAN MAGISTRATE*